सत्यमेव जयते

| GJJM090001852023 | કેસ દાખલ તા. : ૦૫/૦૪/૨૦૨૩<br>કેસ નોધ્યા તા. : ૦૫/૦૪/૨૦૨૩<br>ઠરાવ જાહેર તા. : ૨૪/૦૪/૨૦૨૬<br>-------------------------<br>અવધિ : ૩ વર્ષ, ૦૦ માસ, ૧૯ દિવસ |
|---|---|

**જોડીયાના મહેરબાન જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની અદાલત સમક્ષ, મુ. જોડીયા**

**આંક–**

**FORM-A**

| | |
|---|---|
| **ચુકાદાની તારીખ** | તા. ૨૪/૦૪/૨૦૨૬ |
| **એફ.આઈ.આર.ની વિગત** | જોડીયા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુન્હા રજીસ્ટર્ડ નંબર: ૦૨૧૪/૨૦૨૦, તારીખ ૧૭/૦૭/૨૦૨૦. |
| **ગુનો** | આર્મ્સ એકટની કલમ: ૨૫(૧)(બી) તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબ. |
| **ફરીયાદી** | શ્રી સરકાર |
| **ફરીયાદી પક્ષે વિધ્વાન એ.પી.પી.** | શ્રી એન.કે.પરમાર |
| **આરોપી** | બાબુભાઈ ઉર્ફે ભાભાભાઈ મોહનભાઈ ડાંગર,<br>ઉ.વ.૪૮, ધંધો–ખેતી,<br>રહે. જુની દુધઇ ગામ, રામ મંદિર પાછળ,<br>તા.જોડીયા, જિ.જામનગર. |
| **આરોપી તર્ફે વિધ્વાન વકીલશ્રી** | શ્રી એ.પી.માંકડ |

**FORM-B**

| | |
|---|---|
| **ગુનો બન્યા તારીખ** | તા.૧૭/૦૭/૨૦૨૦ ના કલાક ૧૧:૦૦ વાગ્યે |
| **એફ.આઈ.આર. તારીખ** | તા.૧૭/૦૭/૨૦૨૦ |
| **ચાર્જશીટ દાખલ તારીખ** | તા.૦૫/૦૪/૨૦૨૩ |

| | |
|---|---|
| **ચાર્જફ્રેમ તારીખ** | તા. ૨૫/૦૭/૨૦૨૩ |
| **પુરાવો ચાલુ થયા તારીખ** | તા. ૨૫/૦૮/૨૦૨૩ |
| **ચુકાદા માટે રાખ્યા તારીખ** | તા. ૧૭/૦૪/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | તા. ૨૪/૦૪/૨૦૨૬ |
| **સજા, હુકમની તારીખ (લાગુ પડે તો)** | – |

## આરોપીની વિગત

| આરોપી નં. | આરોપી નું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | ગુનો | તકસીરવાન / નિર્દોષ | કરવામા આવેલ સજા | ફો.કા.સં.ની કલમ–૪૨૮ કસ્ટડીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | બાબુભાઇ ઉર્ફે ભાભાભાઇ મોહનભાઇ ડાંગર, રહે. જુની દુધઇ ગામ, રામ મંદિર પાછળ, તા.જોડીયા, જિ.જામનગર. | – | – | – | નિર્દોષ | – | – |

## FORM – C

**ફરીયાદપક્ષે /બચાવપક્ષે/ અદાલત તર્ફે સાહેદ યાદી**

### ફરીયાદપક્ષે સાહેદ લીસ્ટ

| આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| ૦૮ | સોયબભાઈ અબ્દુલહબીબભાઈ મકવા નાઓની જુબાની | ફરિયાદી |
| ૧૦ | પાંચાભાઈ પોલાભાઈ વકાતર નાઓની જુબાની | પંચસાહેદ |
| ૧૫ | મયુદીન અલીમીયા સૈયદ નાઓની જુબાની | સાહેદ |
| ૧૬ | રમેશભાઈ સોમાભાઈ ચાવડા નાઓની જુબાની | સાહેદ |
| ૨૨ | દોલતસિંહ હેમતસિંહ જાડેજા નાઓની જુબાની | સાહેદ |

| | | |
|---|---|---|
| ૨૬ | હુશેન સુમાર લાડક નાઓની જુબાની | પંચસાહેદ |
| ૨૭ | અનિરૂધ્ધસિંહ ભરતસિંહ ઝાલા નાઓની જુબાની | સાહેદ |
| ૩૨ | રવીરાજસિંહ મહેન્દ્રસિંહ જાડેજા નાઓની જુબાની | ત.ક.અ./સાહેદ |
| ૩૩ | મેસુરભાઈ દેસુરભાઈ શીયાર નાઓની જુબાની | ત.ક.અ./સાહેદ |
| ૪૩ | પ્રકાશભાઈ દેવરાજભાઈ જરૂ નાઓની જુબાની | ત.ક.અ./સાહેદ |

## દસ્તાવેજી પુરાવા

| **આંક** | **દસ્તાવેજ** | **પ્રકાર** |
|---|---|---|
| ૦૯ | ફરીયાદ | અસલ |
| ૧૧ | આરોપીને અટક કર્યા અંગેનુ તથા મુદ્દામાલ હથીયાર કબ્જે કર્યા અંગેનું પંચનામું | અસલ |
| ૩૪ | જીલ્લા મેજીસ્ટ્રેટ કચેરી જામનગરના જાવક નંબર: ડીએમ/હથ/૫/ચાર્જશીટ/૫૩૭૨/૨૨, તારીખ: ૨૪/૦૧/૨૦૨૩ થી ચાર્જશીટ કરવાની પરવાનગી આપતો પત્ર | ખરીનકલ |
| ૩૫ | ડાયરેકટોરેટ ઓફ ફોરેન્સિક સાયન્સ, ગાંધીનગરનો અહેવાલ નં.: ડીએફએસ/તપણ/૨૦૧૫/બીએલ/૨૫૨, તારીખ: ૧૦/ ૦૮/૨૦૨૨ | ખરીનકલ |

## બ. બચાવપક્ષે સાહેદ લીસ્ટ

| **આંક** | **નામ** | **સાહેદનો પ્રકાર** |
|---|---|---|
| – | – | – |

## ક. અદાલતપક્ષે સાહેદ લીસ્ટ

| **આંક** | **નામ** | **સાહેદનો પ્રકાર** |
|---|---|---|
| – | – | – |

## ડ. કબ્જે કરેલ મુદામાલ

| **અ.નં.** | **વિગત** | **આર્ટીકલ નંબર** |
|---|---|---|
| ૧. | મુદ્દામાલ પાવતી નંબર: ૧૪/૨૦૨૦,<br>તારીખ: ૧૭–૦૭–૨૦૨૦ | ૧ |

## -:: ચુ કા દો ::-

(૦૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગઈ તારીખ: ૧૭/૦૭/૨૦૨૦ ના રોજ કલાક ૧૧:૦૦ વાગ્યે મોજે સામપર માધાપર રોડ પર આવેલ વણકલી ડેલી પાસે, દુધઈ ગામ, તા.જોડીયા, જી.જામનગર મુકામે મરણ જનાર અનવરભાઈ ઉર્ફે હુશેનભાઈ અયુબભાઈ સોઢા નાઓએ આ કામના આરોપીને હાથ બનાવટની દેશી જામગરી બંદુક આપી આ કામના આરોપી ગેરકાયદેસર પરવાના વગરની એક હાથ બનાવટની દેશી જામગરી બંદુક કિંમત રૂપિયા ૨,૦૦૦/- ની રાખી નીકળતા પકડાઈ જઈ મહે. ડી.એમ.સાહેબ જામનગર નાઓના હથીયાર બંધી જાહેરનામાનો ભંગ કરી પકડાઈ જઈ આર્મ્સ એકટની કલમ: ૨૫(૧)(બી) તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબનો ગુનો કરેલ હોઈ આ બાબતની ફરીયાદીએ આ કામના આરોપી વિરૂધ્ધ ફરીયાદ જોડીયા પોલીસ સ્ટેશનમાં આપતા, તે ફરીયાદ સેકન્ડ ગુ.રજી.નં. ૦૨૧૪/૨૦૨૦, તારીખ: ૧૭/૦૭/૨૦૨૦ થી ફરીયાદ નોંધી તપાસ કરનાર અમલદારે આ ગુનાની તપાસ કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ, આરોપી સામે પુરતો પુરાવો જણાય આવતા, આરોપી વિરુધ્ધ મથાળે દર્શાવેલ ગુના સબબ અત્રેની અદાલતમાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૧૭૩ મુજબ ચાર્જશીટ કરેલ.

(૦૨) સદર કામે આરોપીને ધોરણસરની સમન્સની બજવણી થઈ જતાં આરોપી હાજર થતાં તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૦૭ અન્વયે પુરી પાડયા બાદ, આ કામના આરોપી સામે આંક-૦૪ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને તહોમત મુજબનો ગુનો કબુલ છે કેમ ? તે બાબતે આંક-૦૫ થી આરોપીનું નિવેદન નોંધવામા આવતાં, આરોપીએ તેઓની સામેના ગુન્હાનો ઈન્કાર કરતાં ફરીયાદપક્ષના કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૦૩) આ કામમાં ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ આંક-૪૪ થી પુરાવો પુરો થયા અંગેની પુરસીસ રજુ

કરતા આ કામે ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

**(૦૪)** ફરીયાદપક્ષના પુરાવાના અંતે આ કામે ફોજદારી કાર્યરીતિની કલમ–૩૧૩ હેઠળ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં તેઓને પુછવામાં આવેલ તમામ પ્રશ્નોના ઈન્કાર કરતા જવાબો આપેલ છે, વધુમાં તેઓ નિર્દોષ હોવાનું તથા તેમના પર ખોટો કેસ કરેલાની હકીકત જણાવેલી છે. ત્યારબાદ ફરીયાદપક્ષે વિદ્ધાન એ.પી.પી.શ્રી ની તથા આરોપી પક્ષે વિદ્ધાન વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી.

**(૦૫)** આ કેસના નિર્ણય માટે મારા સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**– : : મુદ્દાઓ : : –**

મુદ્દા નં.૧ શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઈ તારીખ: ૧૭/૦૭/૨૦૨૦ ના રોજ કલાક ૧૧:૦૦ વાગ્યે મોજે સામપર માધાપર રોડ પર આવેલ વણકલી ડેલી પાસે, દુધઈ ગામ, તા.જોડીયા, જી.જામનગર મુકામે મરણ જનાર અનવરભાઈ ઉર્ફે હુશેનભાઈ અયુબભાઈ સોઢા નાઓએ આ કામના આરોપીને હાથ બનાવટની દેશી જામગરી બંદુક આપી આ કામના આરોપી ગેરકાયદેસર પરવાના વગરની એક હાથ બનાવટની દેશી જામગરી બંદુક કિંમત રૂપિયા ૨,૦૦૦/– ની રાખી નીકળતા પકડાઈ જઈ મહે. ડી.એમ.સાહેબ જામનગર નાઓના હથીયાર બંધી જાહેરનામાનો ભંગ કરી પકડાઈ જઈ આર્મ્સ એકટની કલમ: ૨૫(૧)(બી) તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

મુદ્દા નં.૨ શું હુકમ?

**(૦૬)** ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે:

મુદ્દા નં.૧ નકારમાં.

મુદ્દા નં.ર આખરી હુકમ મુજબ.

**–::કારણો::–**

(૦૭) **મુદ્દા નં.૧ :**

હાલના કામે આરોપી સામે તહોમત પુરવાર થયેથી હાલના કામના આરોપીને તકસીરવાન ઠરાવી શકાય. હાલના કામે અદાલત સમક્ષ રજુ ફરીયાદપક્ષના મૌખિક તેમજ લેખિત પુરાવાનું પુરાવાકીય મુલ્યાંકન નીચે મુજબ કરવામાં આવેલ છે.

(૭.૧) હાલના કામે ફરીયાદપક્ષે ફરિયાદી સાહેદ સોયબભાઈ અબ્દુલહબીબભાઈ મકવા નાઓને આંક–૦૮ થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવી છે કે, ગઈ તા.૧૭/૦૭/૨૦૨૦ ના રોજ તેઓ અન્ય પોલીસ સ્ટાફ સાથે જોડીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગમા હતા દરમ્યાન કલાક ૧૧:૦૦ વાગ્યે દુધઈ ગામ પાસે આવતા સાથેના પો.હે.કો. મયુદિનભાઈને બાતમીદારોથી હકીકત મળેલ કે શામપર માધાપર રોડ ઉપર આવેલ વણકલી ડેરી પાસે જામ દુધઈ ગામના બાબુભાઈ ઉર્ફે ભાભાભાઈ ડાંગર પોતાની પાસે ગેરકાયદેસર હથીયાર રાખી આંટા ફેરા કરે છે. તેવી હકીકત મળતા તુરત જ બે પંચો (૧) હુશેનભાઈ સુમારભાઈ (૨) પાંચાભાઈ પોલાભાઈ ને બોલાવી કલાક ૧૧:૪૫ વાગ્યે બાતમીવાળી જગ્યાએ જઈ મજકુર ઈસમ મળી આવતા પંચો રૂબરૂ મજકુર ઈસમનુ નામઠામ પુછતા પોતે પોતાનુ નામ બાબુભાઈ ઉર્ફે ભાભાભાઈ ડાંગર રહે. જુની દુધઈ વાળો હોવાનુ જણાવેલ. મજકુરની અંગઝડતી કરતા તેના હાથમા એક દેશી બનાવટની જામગરી બંદુક મળી આવેલ. મજકુરને જામગરી બંદુક રાખવા બાબતે પાસ પરમીટ માંગતા તેમની પાસે લાયસન્સ ન હોવાનુ જણાવેલ. આ જામગરી બંદુક ચેક કરતા દેશી હાથ બનાવટની ઉપરથી દારૂ ભરી ફોડી શકાય તેવી જણાયેલી. તેમજ આ બંદુકની લંબાઈ ૫૦ ઈંચ તેમજ નાળની કુલ લંબાઈ ૩૫ ઈંચ તથા લાકડાના ફણાના ભાગની કુલ લંબાઈ ૨૮ ઈંચ જેટલી જોવામા આવેલ. તેમજ એક લોખંડનો સળીયો જોવામા આવેલ જેની લંબાઈ ૩૪ ઈંચ જેટલી જોવામા આવેલ. આ જામગરી બંદુકની કિંમત રૂ.૨૦૦૦/– ગણી પોલીસ ઈન્સ્પેકટર શ્રી

એસ.ઓ.જી. શાખા જામનગર નાઓના હોદાનુ સીલ કરી તપાસ અર્થે કબ્જે કરેલ છે. મજકુર ઈસમ વિરૂધ્ધ તેઓએ ફરીયાદ આપેલી જે અસલ ફરીયાદ તેઓને બતાવવામા આવે છે જેમા તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે, જે આંક–૦૯ થી રજુ રાખેલ છે. આરોપીને જોયે ઓળખે છે.

વધુમાં બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં ફરીયાદી સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓએ તેમની ફરીયાદમા તેઓ કયુ વાહન લઈને ગયેલા અને વાહનમા કોણ ડ્રાયવર કોણ હતુ તેનુ નામ જણાવેલ નથી, તેઓએ તેમની ફરીયાદમા આ આરોપી પાસેથી દારૂ ગોળો કે છરા કબ્જે કર્યા અંગે હકીકત જણાવેલ નથી કે કબ્જે કરેલ બંદુક ભરેલ હાલતમા હતી તેવી પણ કોઈ હકીકત તેઓની ફરીયાદમા જણાવેલ નથી, લાકડુ,સ્ક્રુ વિગેરે બજારમાથી સહેલાઈથી અને નજીવી કિમતે ખરીદ કરી શકાય, તેઓએ તેમની ફરીયાદમા તેઓ શું શું વસ્તુઓ સાથે લઈને ગયેલા તે હકીકત પણ જણાવેલ નથી, આ ફરીયાદ  આપ્યા બાદ તપાસનીશ અધિકારીએ તેઓનુ કોઈ વિશેષ નીવેદન લીધેલ નથી, તેઓ કહે છે તેવુ ફરીયાદ મુજબનુ હથીયાર આરોપીએ કોની પાસેથી મેળવેલ તેનુ કોઈ નામ કે આ કામમા આવા કોઈ બીજા આરોપીને જોડેલ છે કે કેમ, તેની તેઓને ખબર નથી, કોઈપણ હથીયાર ચાલુ હાલતમા છે કે કેમ તે હથીયાર જોઈને તે ચાલુ હાલતમા છે કે કેમ તે તેઓ કહી શકે તેવો કોઈ કોર્ષ તેઓએ કરેલ નથી કે તે બાબતના તેઓ એકસપર્ટ નથી, સદરહુ કબ્જે કરેલ મુદામાલ હથીયાર કબ્જે કર્યા બાદ જોડીયા પોલીસ સ્ટેશનમાં કઈ જગ્યાએ રાખેલા અને કેટલો સમય રાખેલા તે તેઓ કહી શકે નહી.

વધુમાં બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં ફરીયાદી સાહેદ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, આરોપીને પંચનામાની વિગતે હથીયાર સાથે પકડયાની હકીકત ખોટી જણાવે છે, સ્થાનીકે કોઈ પંચનામુ કરેલ નથી પાછળથી તૈયાર પંચનામામા પંચોની સહીઓ લીધેલી, આ પંચનામુ તેઓની હાજરીમા થયાનુ તેઓ ખોટુ જણાવે છે, કામગીરી બતાવવા માટે ખોટી ફરીયાદ આપેલ છે અને સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે.

**(૭.૨)** હાલના કામે ફરિયાદપક્ષે આંક–૧૧ થી આરોપીને અટક કર્યા અંગેનું તથા મુદ્દામાલ કબ્જે કર્યા અંગેનું પંચનામું રજુ થયેલ છે, આ પંચનામાના પંચસાહેદ નં.૧ પાંચાભાઈ પોલાભાઈ વકાતર નાઓને આંક–૧૦ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તથા બીજા પંચસાહેદ નં. ૨ હુશેન સુમાર લાડક નાઓને આંક–૨૬ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, ઉપરોકત બન્ને પંચસાહેદોએ તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં સહી કર્યા સિવાય કાંઈ જાણતા નહી હોવાની હકીકત જણાવી છે, જેથી ઉપરોકત બન્ને પંચસાહેદોને વિ.એ.પી.પી.શ્રી દ્વારા હોસ્ટાઈલ જાહેર કર્યા છે અને ઉલટતપાસમાં પુછી શકાય તેવા સવાલો પુછવા છતા ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી. વધુમાં બચાવપક્ષે ઉલટતપાસ નહી હોવાનુ કબુલ રાખેલ છે. આમ, ઉપરોકત પંચસાહેદોની જુબાનીથી આ કામે રજુ થયેલ આંક–૧૧ વાળુ આરોપીને અટક કર્યા અંગેનુ તથા મુદ્દામાલ હથિયાર કબ્જે કર્યા અંગેનું પંચનામું સાબીત થઈ શકે તેટલો પુરાવો સદર પંચસાહેદની જુબાનીથી આવેલ નથી.

**(૭.૩)** હાલના કામે ફરીયાદપક્ષે સાહેદ મયુદીન અલીમીયા સૈયદ નાઓને આંક– ૧૫ થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવી છે કે, ગઈ તા.૧૭/૦૭/૨૦૨૦ ના રોજ તેઓ અન્ય પોલીસ સ્ટાફ સાથે જોડીયા પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીગમા હતા દરમ્યાન કલાક ૧૧:૦૦ વાગ્યે દુધઈ ગામ પાસે આવતા તેઓને બાતમીદારોથી હકીકત મળેલ કે શામપર માધાપર રોડ ઉપર આવેલ વણકલી ડેરી પાસે જામ દુધઈ ગામના બાબુભાઈ ઉર્ફે ભાભાભાઈ ડાંગર પોતાની પાસે ગેરકાયદેસર હથીયાર રાખી આંટાફેરા કરે છે. તેવી હકીકત મળતા તુરત જ બે પંચો (૧) હુશેનભાઈ સુમારભાઈ (૨) પાંચાભાઈ પોલાભાઈ ને બોલાવી કલાક ૧૧:૪૫ વાગ્યે બાતમીવાળી જગ્યાએ જઈ મજકુર ઈસમ મળી આવતા પંચો રૂબરૂ મજકુર ઈસમનુ નામઠામ પુછતા પોતે પોતાનુ નામ બાબુભાઈ ઉર્ફે ભાભાભાઈ ડાંગર રહે.જુની દુધઈવાળો હોવાનુ જણાવેલ. મજકુરની અંગઝડતી કરતા તેના હાથમા એક દેશી બનાવટની જામગરી બંદુક મળી આવેલ. મજકુરને જામગરી બંદુક રાખવા બાબતે પાસ પરમીટ માંગતા તેમની પાસે લાયસન્સ ન હોવાનુ જણાવેલ. આ જામગરી બંદુક ચેક કરતા દેશી હાથ બનાવટની ઉપરથી દારૂ ભરી ફોડી શકાય તેવી જણાયેલી. તેમજ આ બંદુક ની લંબાઈ ૫૦ ઈંચ તેમજ નાળની કુલ લંબાઈ ૩૫ ઈંચ તથા લાકડાના ફણાના ભાગની

કુલ લંબાઈ ૨૮ ઈંચ જેટલી જોવામા આવેલ. તેમજ એક લોખંડનો સળીયો જોવામા આવેલ જેની લંબાઈ ૩૪ ઈંચ જેટલી જોવામા આવેલ. આ જામગરી બંદુકની કિંમત રૂ.૨૦૦૦/– ગણી પોલીસ ઈન્સ. શ્રી એસ.ઓ.જી. શાખા જામનગર નાઓના હોદાનુ સીલ કરી તપાસ અર્થે કબ્જે કરેલ છે. તેઓને સદરહુ ગુનાના કામે કબ્જે કરેલ હથીયાર બતાવવામા આવે તો તેઓ ઓળખી શકે. તેઓને મુદામાલ પાવતી નંબર ૧૪/૨૦ તારીખ ૧૭/૦૭/૨૦ મુજબનો મુદામાલ બતાવવામા આવે છે જે જોઈને કહે છે કે તે દેશી બનાવટની જામગરી બંદુક છે જે આરોપી પાસેથી કબ્જે કરેલ છે. મજકુર ઈસમ વિરૂધ્ધ શોયબભાઈ અબ્દુલહબીબ મકવાએ ફરીયાદ આપેલી. આરોપીને જોયે ઓળખે છે.

વધુમાં બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓએ તેમના નીવેદનમા તેઓ કયુ વાહન લઈને ગયેલા અને વાહનમા ડ્રાયવર કોણ હતુ તેનુ નામ જણાવેલ નથી. તેઓએ તેમના નીવેદનમા આ આરોપી પાસેથી દારૂ ગોળો કે છરા કબ્જે કર્યા અંગે હકીકત જણાવેલ નથી કે કબ્જે કરેલ બંદુક ભરેલ હાલતમા હતી તેવી પણ કોઈ હકીકત તેમના નીવેદનમા જણાવેલ નથી, પાઈપ, લાકડુ, સ્ક્રુ વિગેરે બજારમાથી સહેલાઈથી અને નજીવી કિંમતે ખરીદ કરી શકાય. તેઓએ તેમના નીવેદનમા તેઓ શું શું વસ્તુઓ સાથે લઈને ગયેલા તે હકીકત પણ જણાવેલ નથી, તેઓ કહે છે તેવુ ફરીયાદ મુજબનુ હથીયાર આરોપીએ કોની પાસેથી મેળવેલ તેનુ કોઈ નામ કે આ કામમા આવા કોઈ બીજા આરોપીને જોડેલ છે કે કેમ, તેની તેઓને ખબર નથી, કોઈપણ હથીયાર ચાલુ હાલતમા છે કે કેમ તે હથીયાર જોઈને તે ચાલુ હાલતમા છે કે કેમ તે તેઓ કહી શકે તેવો કોઈ કોર્ષ તેઓએ કરેલ નથી કે તે બાબતના તેઓ એકસપર્ટ નથી, સદરહુ કબ્જે કરેલ મુદામાલ હથીયાર કબ્જે કર્યા બાદ જોડીયા પોલીસ સ્ટેશનમાં કઈ જગ્યાએ રાખેલા અને કેટલો સમય રાખેલા તે તેઓ કહી શકે નહી.

વધુમાં બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, આરોપીને પંચનામાની વિગતે હથીયાર સાથે પકડયાની હકીકત ખોટી જણાવે છે અને આજરોજ નામદાર કોર્ટ રૂબરૂ હથીયાર ખોટુ ઓળખી બતાવે છે, સ્થાનીકે કોઈ પંચનામુ કરેલ નથી

પાછળથી તૈયાર પંચનામામા પંચોની સહીઓ લીધેલી, આ પંચનામુ તેઓની હાજરીમા થયાનુ તેઓ ખોટુ જણાવે છે, કામગીરી બતાવવા માટે તેઓના સહ કર્મચારીએ ખોટી ફરીયાદ આપેલ હોય તેને મદદ કરવા રેઈડમા સાથે હતા તેવુ ખોટુ જણાવે છે અને સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે.

(૭.૪) હાલના કામે ફરીયાદપક્ષે સાહેદ રમેશભાઈ સોમાભાઈ ચાવડા નાઓને આંક– ૧૬ થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવી છે કે, ગઈ તા.૧૭/૦૭/૨૦૨૦ ના રોજ તેઓ અન્ય પોલીસ સ્ટાફ સાથે જોડીયા પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન કલાક ૧૧:૦૦ વાગ્યે દુધઈ ગામ પાસે આવતા સાથેના પોલીસ હેડ કોન્સ્ટેબલ મયુદીન અલીમીયા સૈયદને બાતમીદારોથી હકીકત મળેલ કે શામપર માધાપર રોડ ઉપર આવેલ વણકલી ડેરી પાસે જામદુધઈ ગામના બાબુભાઈ ઉર્ફે ભાભાભાઈ ડાંગર પોતાની પાસે ગેરકાયદેસર હથીયાર રાખી આંટાફેરા કરે છે. તેવી હકીકત મળતા તુરત જ બે પંચો (૧) હુશેનભાઈ સુમારભાઈ (૨) પાંચાભાઈ પોલાભાઈ ને બોલાવી કલાક ૧૧:૪૫ વાગ્યે બાતમીવાળી જગ્યાએ જઈ મજકુર ઈસમ મળી આવતા પંચો રૂબરૂ મજકુર ઈસમનુ નામઠામ પુછતા પોતે પોતાનુ નામ બાબુભાઈ ઉર્ફે ભાભાભાઈ ડાંગર રહે.જુની દુધઈવાળો હોવાનુ જણાવેલ. મજકુરની અંગઝડતી કરતા તેના હાથમા એક દેશી બનાવટની જામગરી બંદુક મળી આવેલ. મજકુરને જામગરી બંદુક રાખવા બાબતે પાસ પરમીટ માંગતા તેમની પાસે લાયસન્સ ન હોવાનુ જણાવેલ. આ જામગરી બંદુક ચેક કરતા દેશી હાથ બનાવટની ઉપરથી દારૂ ભરી ફોડી શકાય તેવી જણાયેલી. તેમજ આ બંદુકની લંબાઈ ૫૦ ઈંચ તેમજ નાળની કુલ  લંબાઈ ૩૫ ઈંચ તથા લાકડાના ફણાના ભાગની કુલ લંબાઈ ૨૮ ઈંચ જેટલી જોવામા આવેલ. તેમજ એક લોખંડનો સળીયો જોવામા આવેલ જેની લંબાઈ ૩૪ ઈંચ જેટલી જોવામા આવેલ. આ જામગરી બંદુકની કિંમત રૂ.૨૦૦૦/– ગણી પોલીસ ઈન્સ. શ્રી એસ.ઓ.જી. શાખા જામનગર નાઓના હોદાનુ સીલ કરી તપાસ અર્થે કબ્જે કરેલ, તેઓને સદરહુ ગુનાના કામે કબ્જે કરેલ હથીયાર બતાવવામા આવે તો તેઓ ઓળખી શકે, તેઓને મુદામાલ પાવતી નંબર ૧૪/૨૦ તારીખ ૧૭/૦૭/૨૦ મુજબનો મુદામાલ બતાવવામા આવે છે જે જોઈને કહે છે કે તે દેશી બનાવટની જામગરી બંદુક છે જે આરોપી પાસેથી કબ્જે કરેલ

છે. મજકુર ઈસમ વિરૂધ્ધ શોયબભાઈ અબ્દુલહબીબ મકવાએ ફરીયાદ આપેલી. આરોપીને જોયે ઓળખે છે.

વધુમાં બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓએ તેમના નીવેદનમાં તેઓ કયુ વાહન લઈને ગયેલા અને વાહનમા ડ્રાયવર કોણ હતુ તેનુ નામ જણાવેલ નથી, તેઓએ તેમના નીવેદનમા આ આરોપી પાસેથી દારૂ ગોળો કે છરા કબ્જે કર્યા અંગે હકીકત જણાવેલ નથી કે કબ્જે કરેલ બંદુક ભરેલ હાલતમા હતી તેવી પણ કોઈ હકીકત તેમના નીવેદનમા જણાવેલ નથી, પાઈપ, લાકડુ, સ્ક્રુ વિગેરે બજારમાથી સહેલાઈથી અને નજીવી કિંમતે ખરીદ કરી શકાય. તેઓએ તેમના નીવેદનમા તેઓ શું શું વસ્તુઓ સાથે લઈને ગયેલા તે હકીકત પણ જણાવેલ નથી, તેઓ કહે છે તેવુ ફરીયાદ મુજબનુ હથીયાર આરોપીએ કોની પાસેથી મેળવેલ તેનુ કોઈ નામ કે આ કામમા આવા કોઈ બીજા આરોપીને જોડેલ છે કે કેમ, તેની તેઓને ખબર નથી, કોઈપણ હથીયાર ચાલુ હાલતમા છે કે કેમ તે હથીયાર જોઈને તે ચાલુ હાલતમા છે કે કેમ તે તેઓ કહી શકે તેવો કોઈ કોર્ષ તેઓએ કરેલ નથી કે તે બાબતના તેઓ એકસપર્ટ નથી, સદરહુ કબ્જે કરેલ મુદામાલ હથીયાર કબ્જે કર્યા બાદ જોડીયા પોલીસ સ્ટેશનમાં કઈ જગ્યાએ રાખેલા અને કેટલો સમય રાખેલા તે તેઓ કહી શકે નહી.

વધુમાં બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, આરોપીને પંચનામાની વિગતે હથીયાર સાથે પકડયાની હકીકત ખોટી જણાવે છે અને આજરોજ નામદાર કોર્ટ રૂબરૂ હથીયાર ખોટુ ઓળખી બતાવે છે, સ્થાનીકે કોઈ પંચનામુ કરેલ નથી પાછળથી તૈયાર પંચનામામા પંચોની સહીઓ લીધેલી, આ પંચનામુ તેઓની હાજરીમા થયાનુ તેઓ ખોટુ જણાવે છે, કામગીરી બતાવવા માટે તેઓના સહ કર્મચારીએ ખોટી ફરીયાદ આપેલ હોય તેને મદદ કરવા રેઈડમા સાથે હતા તેવુ ખોટુ જણાવે છે અને સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે.

(૭.૫) હાલના કામે ફરીયાદપક્ષે સાહેદ દોલતસિંહ હેમતસિંહ જાડેજા નાઓને આંક– ૨૨ થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવી છે કે, ગઈ

તા.૧૭/૦૭/૨૦૨૦ ના રોજ તેઓ તથા સોચબભાઈ તથા મચુદીનભાઈ તથા રમેશભાઈ તથા અનિરૂધ્ધસિહ વિગેરે સ્ટાફના માણસો કલાક ૦૯:૩૦ થી ધ્રોલ જોડીયા વિસ્તારમા પેટ્રોલીગમા હતા દરમ્યાન કલાક ૧૧:૦૦ વાગ્યે દુધઈ ગામ પાસે આવતા સાથેના મચુદીન તથા રમેશભાઈને હકીકત મળેલ કે, સામપર માધાપર ગામ પાસે વણખરી ડેરી પાસે જામ દુધઈ ના બાબુભાઈ ઉર્ફે ભાભાભાઈ ડાંગર હથીયાર લઈ આંટાફેરા મારે છે તેને સફેદ કલરનો શર્ટ તથા કાળા કલરનુ પેન્ટ પહેરેલ છે તેવી હકીકત મળતા રસ્તે જતા બે રાહદારી પંચોને ૧ હુશેનભાઈ સુમારભાઈ તથા નં. ૨ પોલાભાઈ પાંચાભાઈને બોલાવી સમજ કરી જામદુધઈથી સામપર માધાપર વણખરી ડેરી પાસે આવતા સદરહુ વર્ણનવાળા માણસ ઉભા હોય પંચો રૂબરૂ કોર્ડન કરી પંચો રૂબરૂ નામઠામ પુછતા પોતે પોતાનુ નામ બાબુભાઈ ઉર્ફે ભાભાભાઈ મોહનભાઈ ડાંગર રહે. દુધઈ વાળા તા.જોડીચાવાળા હોવાનુ જણાવેલ. સદરહુની અંગઝડતી કરતા તેના હાથમા એક દેશી જામગરી બંદુક ઉપરથી ભરી ફોડી શકાય તેવી મળી આવેલ. તેઓના કબ્જામા લઈ તેની પાસે પરવાનો હોય તો રજુ કરવાનુ કહેતા નહી હોવાનુ જણાવેલ. સદરહુ દેશી જામગરી બંદુકની લંબાઈ આશરે ૫૦ ઈંચ જેટલી તથા નાળની લંબાઈ ૩૫ ઈંચ તથા સદરહુ બંદુકની કિંમત રૂ. ૨૦૦૦/– ગણી એક કપડાની બેગીમા પેક કરી પોલીસ ઈન્સ્પેકટર, એસ.ઓ.જી.નું સીલ કરી તપાસ અર્થે કબ્જે કરેલ અને તેઓનુ પંચનામુ કલાક ૧૧:૩૦ થી ૧૩:૦૦ સુધી કરેલ છે. આ બાબુભાઈ ઉર્ફે ભાભાભાઈ મોહનભાઈ તેના વિરૂધ્ધ આર્મ્સ એકટ ૨૫(૧–બી)તેમજ જીલ્લા મેજી.જામનગરના હથીયારબંધી જાહેરનામાના ભંગ બદલ જી.પી.એકટ ૧૩૫ મુજબનો ગુનો કરેલ હોય તેના વિરૂધ્ધ સોચબભાઈ અબ્દુલભાઈ મકવાએ ફરીયાદ આપેલી. તેઓ ઉપરોકત કામગીરીમા સાથે હતા. આરોપી હાજર હોય તો જોયેથી ઓળખી બતાવે.

વધુમાં બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓ દુધઈ ગામ પાસે પહોંચતા તેઓને બાતમી મળેલી, તેઓ તેમની ફરજ દરમ્યાન ઘણી વખત જોડીયા, દુધઈ અને જોડીયા તાલુકાના ગામના ભુગોળ વિશે માહીતી છે, સામપર માધાપર તારાણાથી ડાબી બાજુ વાળી જતા આશરે બે ચાર કિલોમીટરે આવે છે, તારાણાથી દુધઈ ગામ હાઈવે પર સીધે જતા છ એક કિલોમીટર દુર જતા આવે છે,

તેઓએ પી.આઈ.નું સીલ સાથે લઈ જતા હોય તો તેઓશ્રીને મૌખીક જાણ કરવી પડે, સીલ સાથે લઈ ગયાની નોંધ કોઈ રજીસ્ટરમા કરવામા આવતી નથી, તેઓએ તેમના જવાબમા કઈ કઈ વસ્તુ સાથે લઈને પેટ્રોલીંગમા ગયેલા તે જણાવેલ નથી, મુદામાલ રીકવર કર્યા બાદ જોડીયા પોલીસ સ્ટેશને આવી પી.એસ.ઓ.ને મુદામાલ આપેલો, તેઓને એ મુદામાલ પી.એસ.ઓ. નેં સોંપ્યા બાદ જોડીયા પોલીસ સ્ટેશનમા પડયો રહયો અને કયા રાખેલ તેની કોઈ માહીતી નથી. તેઓએ રેઈડ દરમ્યાન આરોપી પાસેથી કોઈ દારુ ગોળો કે છરા કબ્જે કરેલા નથી, તેઓ જયારે બંદુક કબ્જે કર્યાનું જણાવે છે તે સમયે બંદુક ભરેલી ન હતી, એ તેઓનો વિષય નથી કે લાકડુ, પાઈપ, સળીયો એ બધી વસ્તુ બજારમાથી સહેલાઈથી અને સામાન્ય કિંમતે મળી શકે, તેઓ પેટ્રોલીંગમા કયુ વાહન લઈને નીકળેલા અને તેના ડ્રાયવર કોણ હતા તે તેઓના નીવેદનમાં જણાવેલ નથી.

વધુમાં બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, આરોપીને મુદામાલ સાથે પકડયાની હકીકત ખોટી જણાવે છે, પંચો રૂબરૂ હાજરીમા કોઈ પંચનામુ કરેલ નથી પરંતુ પાછળથી તૈયાર પંચનામામા પંચોની સહીઓ લીધેલી છે, આ કામે ફરીયાદી તેઓના સહ કર્મચારી હોય તેઓની ખોટી ફરીયાદને મદદ કરવા માટે કામગીરીમાં તેઓની સાથે ન હોવા છતા સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે.

**(૭.૬)** હાલના કામે ફરીયાદપક્ષે સાહેદ અનિરૂધ્ધસિંહ ભરતસિંહ ઝાલા નાઓને આંક– ૨૭ થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવી છે કે, ગઈ તા.૧૭/૦૭/૨૦૨૦ ના રોજ તેઓ અન્ય પોલીસ સ્ટાફ સાથે જોડીયા પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન કલાક ૧૧:૦૦ વાગ્યે દુધઈ ગામ પાસે આવતા તેઓના સાથી કર્મચારીને બાતમીદારોથી હકીકત મળેલ કે શામપર માધાપર રોડ ઉપર આવેલ વણકલી ડેરી પાસે જામદુધઈ ગામના બાબુભાઈ ઉર્ફે ભાભાભાઈ ડાંગર પોતાની પાસે ગેરકાયદેસર હથીયાર રાખી આંટાફેરા કરે છે. તેવી હકીકત મળતા તુરત જ બે પંચો (૧) હુશેનભાઈ સુમારભાઈ (૨) પાંચાભાઈ પોલાભાઈ ને બોલાવી કલાક ૧૧:૪૫ વાગ્યે બાતમીવાળી જગ્યાએ જઈ મજકુર ઈસમ મળી આવતા પંચો રૂબરૂ મજકુર ઈસમનુ

નામઠામ પુછતા પોતે પોતાનુ નામ બાબુભાઈ ઉર્ફે ભાભાભાઈ ડાંગર રહે.જુની દુધઈવાળો હોવાનુ જણાવેલ. મજકુરની અંગઝડતી કરતા તેના હાથમા એક દેશી બનાવટની જામગરી બંદુક મળી આવેલ. મજકુરને જામગરી બંદુક રાખવા બાબતે પાસ પરમીટ માંગતા તેમની પાસે લાયસન્સ ન હોવાનુ જણાવેલ. આ જામગરી બંદંક ચેક કરતા દેશી હાથ બનાવટની ઉપરથી દારૂ ભરી ફોડી શકાય તેવી જણાયેલી. તેમજ આ બંદુકની લંબાઈ ૫૦ ઈંચ તેમજ નાળની કુલ  લંબાઈ ૩૫ ઈંચ તથા લાકડાના ફણાના ભાગની કુલ લંબાઈ ૨૮ ઈંચ જેટલી જોવામા આવેલ. તેમજ એક લોખંડનો સળીયો જોવામા આવેલ જેની લંબાઈ ૩૪ ઈંચ જેટલી જોવામા આવેલ. આ જામગરી બંદુકની કિમત રૂ.૨૦૦૦/- ગણી પોલીસ ઈન્સ.શ્રી એસ.ઓ.જી.શાખા જામનગરનાઓના હોદાનુ સીલ કરી તપાસ અર્થે કબ્જે કરેલ છે. તેઓને સદરહુ ગુનાના કામે કબ્જે કરેલ હથીયાર બતાવવામા આવે તો તેઓ ઓળખી શકે, તેઓને મુદામાલ પાવતી નંબર ૧૪/૨૦ તારીખ ૧૭/૦૭/૨૦ મુજબનો મુદામાલ બતાવવામા આવે છે જે જોઈને કહે છે કે તે દેશી બનાવટની જામગરી બંદુક છે જે આરોપી પાસેથી કબ્જે કરેલ છે. મજકુર ઈસમ વિરૂધ્ધ શોયબભાઈ અબ્દુલહબીબ મકવાએ ફરીયાદ આપેલી. આરોપીને જોયે ઓળખે છે, જે આજરોજ કોર્ટમા હાજર નથી, આરોપીનો મુકિત રીપોર્ટ હોય બચાવપક્ષે ઓળખની તકરાર નથી.

વધુમાં બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓએ તેમના નીવેદનમા તેઓ કયુ વાહન લઈને ગયેલા અને વાહનમા કોણ ડ્રાયવર કોણ હતુ તેનુ નામ જણાવેલ નથી, તેઓએ તેમના નીવેદનમા આ આરોપી પાસેથી દારૂ ગોળો કે છરા કબ્જે કર્યા અંગે હકીકત જણાવેલ નથી કે કબ્જે કરેલ બંદુક ભરેલ હાલતમા હતી તેવી પણ કોઈ હકીકત તેઓના નીવેદનમા જણાવેલ નથી, પાઈપ, લાકડુ, સ્ક્રુ વિગેરે બજારમાથી સહેલાઈથી અને નજીવી કિમતે ખરીદ કરી શકાય, તેઓએ તેમના નીવેદનમા અમો શું શું વસ્તુઓ સાથે લઈને ગયેલા તે હકીકત પણ જણાવેલ નથી, ફરીયાદ મુજબનુ હથીયાર આરોપીએ કોની પાસેથી મેળવેલ તેનુ કોઈ નામ કે આ કામમા આવા કોઈ બીજા આરોપીને જોડેલ છે કે કેમ, તેની તેઓને ખબર નથી, કોઈપણ હથીયાર ચાલુ હાલતમા છે કે કેમ તે હથીયાર જોઈને તે ચાલુ હાલતમા છે કે કેમ તે તેઓ કહી શકે તેવો કોઈ કોર્ષ

તેઓએ કરેલ નથી કે તે બાબતના તેઓ એકસપર્ટ નથી, સદરહુ કબ્જે કરેલ મુદામાલ હથીયાર કબ્જે કર્યા બાદ જોડીયા પો.સ્ટે.મા કઈ જગ્યાએ રાખેલા અને કેટલો સમય રાખેલા તે તેઓ કહી શકે નહી.

વધુમાં બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, આરોપીને પંચનામાની વિગતે હથીયાર સાથે પકડયાની હકીકત ખોટી જણાવે છે અને આજરોજ નામદાર કોર્ટ રૂબરૂ હથીયાર ખોટુ ઓળખી બતાવે છે, સ્થાનીકે કોઈ પંચનામુ કરેલ નથી પાછળથી તૈયાર પંચનામામા પંચોની સહીઓ લીધેલી, આ પંચનામુ તેઓની હાજરીમા થયાનુ તેઓ ખોટુ જણાવે છે, કામગીરી બતાવવા માટે તેઓના સહ કર્મચારીએ ખોટી ફરીયાદ આપેલ હોય તેને મદદ કરવા રેઈડમા સાથે હતો તેવુ ખોટુ જણાવે છે અને સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે.

(૭.૭) હાલના કામે ફરીયાદપક્ષે સાહેદ ત.ક.અમલદાર રવીરાજસિંહ મહેન્દ્રસિંહ જાડેજા નાઓને આંક–૩ર થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવી છે કે, જોડીયા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં.૨૧૪/૨૦૨૦ ના કામે આરોપી વિરૂધ્ધ આર્મ્સ એકટ તથા જી.પી.એકટની કલમ મુજબનો ગુનો નોંધાયેલ જે તપાસ પી.ડી.જરૂનાઓ કરતા હોય ત્યારબાદ તે તપાસ તેઓને મળતા તેઓએ એફ.એસ.એલ. કચેરી ગાંધીનગર ખાતે મુદામાલ હથીયાર બાબતનો અભિપ્રાય મંગાવવા પત્ર વ્યવહાર કરેલો તે સિવાય અન્ય કોઈ કામગીરી કરેલ નહી. વધુમાં બચાવપક્ષે વિ.વ.શ્રી ધ્વારા સદરસાહેદની ઉલટતપાસ નહી હોવાનુ જાહેર કરેલ છે.

(૭.૮) હાલના કામે ફરીયાદપક્ષે સાહેદ ત.ક.અમલદાર મેસુરભાઈ દેસુરભાઈ શીયાર નાઓને આંક–૩૩ થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવી છે કે, જોડીયા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં.૨૧૪/૨૦૨૦ ના કામે આરોપી વિરૂધ્ધ આર્મ્સ એકટ તથા જી.પી.એકટની કલમ મુજબનો ગુનો નોંધાયેલ જે તપાસ પી.ડી. જરૂનાઓ કરતા હોય ત્યારબાદ એફ.એસ.એલ. કચેરી ગાંધીનગર ખાતે મુદામાલ હથીયાર બાબતનો

અભિપ્રાય મંગાવવા તેઓની સાથેના અધિકારી આર.એમ.જાડેજા નાઓએ પત્ર વ્યવહાર કરેલો અને ત્યારબાદ આગળની તપાસ તેઓને સોંપતા તેઓએ ચાર્જશીટ નામદાર અદાલતમાં દાખલ કરવા જીલ્લા મેજી. જામનગરનાઓની પરવાનગી માંગેલ જે બાબતે જીલ્લા મેજી. શ્રી જામનગરનાઓએ પરવાનગી આપતા તેઓએ ચાર્જશીટ દાખલ કરેલ અને તેઓને તારીખ: ૨૪/૦૧/૨૦૨૩ ના રોજના જીલ્લા મેજી. કચેરી જામનગરના જા.નં. ડીએમ/હથ/૫/ચાર્જશીટ/૫૩૭૨/૨૨ મુજબની પરવાનગી બતાવવામાં આવે છેતેમાં ડી.એમ.શ્રીની સહી તથા રાઉન્ડ સીલ છે જેને પુરાવામાં રજુ દાખલ આંક–૩૪ આપવામાં આવે છે. ચાર્જશીટ દાખલ કરતા અગાઉ એફ.એસ.એલ. નો રીપોર્ટ આવેલ જે કામમાં સામેલ રાખેલ જેમાં એફ.એસ.એલ. કચેરીના કર્મચારીને સહી તથા રાઉન્ડ સીલ છે જેને પુરાવામાં રજુ દાખલ આંક–૩૫ આપવામાં આવે છે. આરોપીને તેઓ ઓળખે છે આજરોજ નામદાર અદાલતમાં હાજર છે.

વધુમાં બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આંક–૩૪ તથા આંક–૩૫ વાળા દસ્તાવેજો બાબતે તેઓને જાતમાહીતી નથી, સબંધીત કચેરી તરફથી તેઓને મળતા તેઓએ ચાર્જશીટમાં સામેલ રાખેલ, આંક–૩૪ તથા આંક–૩૫ વાળા દસ્તાવેજોમાં સહી તથા રાઉન્ડ સીલ તેઓની રૂબરૂમાં થયેલા નથી, સહી તથા રાઉન્ડ સીલ છે તેથી ઓળખી બતાવે છે.

વધુમાં બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતા ખોટુ ચાર્જશીટ કરેલ છે, આ કામના ફરીયાદી તેઓના સહકર્મચારી હોય તેને મદદ કરવા માટે ખોટી તપાસ કરી પુરતો પુરાવો ન હોય ખોટુ ચાર્જશીટ કરી સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે.

(૭.૯) હાલના કામે ફરીયાદપક્ષે સાહેદ ત.ક.અમલદાર પ્રકાશભાઈ દેવરાજભાઈ જરૂ નાઓને આંક–૪૩ થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવી છે કે, ગઈ તા.૧૭/૦૭/૨૦૨૦ ના રોજ સોયબભાઈ અબ્દુલહબીબભાઈ મકવા પો.હેડ

કોન્સ અન્ય પોલીસ સ્ટાફ સાથે જોડીયા પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન કલાક ૧૧:૦૦ વાગ્યે દુધઈ ગામ પાસે આવતા સાથેના પોલીસ હેડ કોન્સ્ટેબલ મયુદિનભાઈને બાતમીદારોથી હકીકત મળેલ કે શામપર માધાપર રોડ ઉપર આવેલ વણકલી ડેરી પાસે જામ દુધઈ ગામના બાબુભાઈ ઉર્ફે ભાભાભાઈ ડાંગર પોતાની પાસે ગેરકાયદેસર હથીયાર રાખી આંટા ફેરા કરે છે. તેવી હકીકત મળતા તુરત જ બે પંચો (૧) હુશેનભાઈ સુમારભાઈ (૨) પાંચાભાઈ પોલાભાઈ ને બોલાવી કલાક ૧૧:૪૫ વાગ્યે બાતમીવાળી જગ્યાએ જઈ મજકુર ઈસમ મળી આવતા પંચો રૂબરૂ મજકુર ઈસમનુ નામઠામ પુછતા પોતે પોતાનુ નામ બાબુભાઈ ઉર્ફે ભાભાભાઈ ડાંગર રહે.જુની દુધઈવાળો હોવાનુ જણાવેલ. મજકુરની અંગઝડતી કરતા તેના હાથમા એક દેશી બનાવટની જામગરી બંદુક મળી આવેલ. મજકુરને જામગરી બંદુક રાખવા બાબતે પાસ પરમીટ માંગતા તેમની પાસે લાયસન્સ ન હોવાનુ જણાવેલ. આ જામગરી બંદુક ચેક કરતા દેશી હાથ બનાવટની ઉપરથી દારૂ ભરી ફોડી શકાય તેવી જણાયેલી. તેમજ આ બંદુકની લંબાઈ ૫૦ ઈંચ તેમજ નાળની કુલ  લંબાઈ ૩૫ ઈંચ તથા લાકડાના ફણાના ભાગની કુલ લંબાઈ ૨૮ ઈંચ જેટલી જોવામા આવેલ. તેમજ એક લોખંડનો સળીયો જોવામા આવેલ જેની લંબાઈ ૩૪ ઈંચ જેટલી જોવામા આવેલ. આ જામગરી બંદુકની કિંમત રૂ.૨૦૦૦/- ગણી પોલીસ ઈન્સ.શ્રી એસ.ઓ.જી. શાખા જામનગર નાઓના હોદાનુ સીલ કરી તપાસ અર્થે કબ્જે કરેલ, મજકુર ઈસમ વિરૂધ્ધ ફરીયાદ તેઓને સોયબભાઈ અબ્દુલહબીબભાઈ મકવા તરફથી જે ફરીયાદ અને સાથેના તપાસના કાગળો મળતા તે સંભાળી લઈ તેઓએ સાહેદોના નિવેદનો લીધેલા અને આરોપી બાબુભાઈ ઉર્ફે ભાભાભાઈ ડાંગર નો તારીખ: ૧૯/૦૭/૨૦૨૦ ના રોજ નિવેદન લીધેલ અને અયુબભાઈ જીવાભાઈ સોઢાનું તારીખ: ૧૯/૦૭/૨૦૨૦ ના રોજ નિવેદન લીધેલ અને તેઓએ અનવરભાઈ ઉર્ફે હુશેનભાઈ અયુબભાઈ સોઢાના મરણની હકીકત જણાવેલ હોય જેના પ્રમાણપત્રની નકલ તપાસના કામે રજુ રાખેલ છે અને તારીખ: ૧૯/૦૭/૨૦૨૦ ના રોજ આરોપીઓનું આર્મ્સ એકટ કલમ ૨૫-૧-બી મુજબના ગુનાના કામે ધોરણસર અટક કરી કાગળો સાથે કોર્ટ કસ્ટડીમાં રજુ કરેલ અને આરોપીને જોયેથી ઓળખે છે અને આજરોજ નામદાર કોર્ટમાં હાજર નથી અને આરોપીનો મુકિત રીપોર્ટ હોય બચાવપક્ષે ઓળખની તકરાર નથી.

વધુમાં બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આરોપીને મુદામાલ સાથે પકડયાની જે હકીકત જણાવે છે તે કહેવાતી રેઈડ સમયે તેઓ તે સ્થળે હાજર ન હતા, સ્ટાફે જોડિયા પોલીસ સ્ટેશન આવીને અને તેઓના રૂબરૂ ફરીયાદ આપ્યા બાદ તેઓ આ હકીકતથી વાકેફ થયેલા, તેઓએ આ કામે તેઓએ જેટલી તપાસકરી તે દરમ્યાન નામદાર કોર્ટમાં હાલના ગુનાના કામની ફરીયાદમાં કોઈ કલમનો વધારો કરવા માટે કે ઘટાડો કરવા માટે કે સુધારો કરવા માટે કોઈ અરજી આપેલ નહી, હાલના ગુનાના કામની ફરીયાદ મયુદીનભાઈ અલીમીંયા સૈયદ, હેડ કોન્સ્ટબેલ, એસ.ઓ.જી. જામનગર વાળાએ તેઓના રૂબરૂ ફરીયાદ આપેલ છે, પરંતુ તે ફરીયાદમાં તેમની કયાંય સહી નથી, શામપર માધાપર ગામ તારાણા ગામથી નજીક થાય છે અને ત્યાંથી જ સીધા જઈ શકાય, દુધઈ ગામ આ ગામોથી છ થી સાત કી.મી. દુર છે, તેઓએ તેમની તપાસ દરમ્યાન દારૂગોળો કે ગં ધરપ કે પોટાશ વેંચતા કોઈ વેપારીનું નિવેદન લીધેલ નથી, તેઓની તપાસ દરમ્યાન આરોપીએ કોઈ પાસેથી આ પ્રકારની સામગ્રી ખરીદી હોય તેવુ બહાર આવેલ નથી.

વધુમાં બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, તેઓએ જે તપાસ કરી તેમાં લીધેલા નિવેદનો સાહેદોના લખાવ્યા મુજબના નહી પરંતુ તેઓની તપાસ અને ફરીયાદને સમર્થન મળે તે મુજબના લીધેલ છે, આ કામના ફરીયાદી તેઓના સાથી કર્મચારી હોય તેઓની ખોટી ફરીયાદને મદદ કરવા માટે ખોટી તપાસ કરેલ છે અને આજરોજ સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે, સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે.

(૦૮) આમ, આ કામના આરોપી વિરૂદ્ધ ફરીયાદપક્ષે અદાલત સમક્ષ રજુ કરેલ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લઈ કાયદાકિય જોગવાઈઓ જોવામાં આવે તો, પ્રથમ આર્મ્સ એક્ટની કલમ–૨૫(૧)(બી) તથા ૨૫(૧–બી) જોવામાં આવે તો,

**Section**– 25(1) **Whoever—**

*(b) shortens the barrel of a firearm or converts an imitation firearm into a firearm [or convert from any category of firearms mentioned*

*in the Arms Rules, 2016 into any other category of firearms] in contravention of section 6*

**Section– 25(1B) Whoever–**

*(a) acquires, has in his possession or carries any firearm or ammunition in contravention of section 3 ; or*

(b) acquires, has in his possession or carries in any place specified by notification under section 4 any arms of such class or description as has been specified in that notification in contravention of that section; or

(c) sells or transfers any firearm which does not bear the name of the maker, manufacturer's number or other identification mark stamped or otherwise shown thereon as required by sub–section(2) of section 8 or does any act in contravention of sub–section (1) of that section; or

(d) being a person to whom sub–clause (ii) or sub–clause (iii) of clause (a) of sub–section (1) of section 9 applies, acquires, has in his possession or carries any firearm or ammunition in contravention of that section; or

(e) sells or transfers, or converts

હવે, ફરીયાદપક્ષે અદાલત સમક્ષ રજુ કરેલ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લાવામાં આવે તો, ફરીયાદપક્ષ દ્વારા સૌપ્રથમ કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ આરોપીના પ્રત્યક્ષ કબ્જામાંથી મળેલ હોવાનું પુરવાર કરવુ જરૂરી છે. સદર કામે રેઈડ કરી આરોપી પાસેથી મુદ્દામાલ કબ્જે કરેલ તે આંક–૧૧ વાળા પંચનામાના પંચ સાહેદોને આંક–૧૦ તથા આંક–૨૬ થી તપાસવામાં આવેલ છે. જેઓ બંન્ને પંચો પંચનામામાં પોતાની સહી

ઓળખી બતાવે છે. એ સિવાયની પંચનામાની કે ફરીયાદપક્ષની કોઇ હકિકતને સમર્થન કરેલ નથી. તેઓને વિ. એપીપીશ્રી દ્વારા હોસ્ટાઇલ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં ફરીયાદપક્ષને સમર્થનકારી કોઇ પુરાવો મળી શકેલ નથી. સદર કામે રજુ આંક–૧૧ વાળા પંચનામાનાં પંચોના પુરાવાથી પંચનામાની કોઇ હકિકતને સમર્થન મળેલ નથી. જે પંચ સાહેદો રૂબરૂ તમામ કાર્યવાહી થઇ તે પંચોના પુરાવા દ્વારા જ સદર પંચનામું સાબિત માની શકાય, કારણ કે એ સિવાયના તમામ સાહેદો પોલીસ સાહેદો છે. જે રસ ધરાવતા સાહેદો છે જે ફરીયાદીના સહ કર્મચારી છે. જેથી પંચનામું નિઃશંકપણે પુરવાર થતુ નથી. જો પંચનામું જ પુરવાર થતુ ન હોઇ તો રેઇડ દરમ્યાનની કાર્યવાહી તથા આરોપીના પ્રત્યક્ષ કબ્જામાંથી કહેવાતુ હથિયાર મળી આવેલ હોઇ તે હકિકત પણ સાબિત થતી નથી. જ્યારે સીઝર તથા રીકવરી જ સાબિત થતી ન હોય ત્યારે તેનો લાભ આરોપીને મળે છે.

આ કામે રજુ આંક–૯ વાળી ફરીયાદીની ફરીયાદ જોવામાં આવે તો ફરીયાદીએ આરોપી વિરૂદ્ધ આર્મ્સ એકટ કલમ ૨૫(૧–બી) મુજબ ફરીયાદ આપેલ છે જયારે એફ.આઇ.આર. તથા ચાર્જશીટ આરોપી વિરૂદ્ધ આર્મ્સ એકટની કલમ–૨૫(૧)(બી) મુજબ કરવામાં આવેલ છે. જયારે આંક–૩૪ વાળા ચાર્જશીટ કરવાની પરવાનગીના જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીના હુકમમાં પણ આરોપી વિરૂદ્ધ આર્મ્સ એકટ કલમ ૨૫(૧–બી) હેઠળ ચાર્જશીટ કરવાની પરવાનગી આપવામાં આવેલ છે. ફરીયાદપક્ષ દ્વારા આ બાબતે કોઇ ખુલાસો કરવામાં આવેલ નથી. જેથી આરોપી વિરૂદ્ધ આરોપ જ સ્પષ્ટ થતો ન હોય આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

વધુમાં આ કામે કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ હથિયારનું ફરીયાદ, પંચનામાં અને એફ.એસ.એલ. રીપોર્ટમાં વર્ણન જોવામાં આવે તો, ફરીયાદ તથા પંચનામામાં જણાવેલ છે કે બંદુકની લંબાઇ માપી જોતા ૫૦ ઇંચ જેટલી છે તેમજ નાળની કુલ લંબાઇ ૩૫ ઇંચ છે તથા લાકડાના ફણાના ભાગની કુલ લંબાઇ ૨૮ ઇંચ જેટલી છે તથા એક લોખંડનો સળીયો જોવામાં આવે છે જેની લંબાઇ ૩૪ ઇંચ જેટલી છે. જ્યારે એફ.એસ.એલ. રીપોર્ટમાં મુદ્દામાલ હથિયારનું વર્ણન જોતા આશરે ૮૮.૭ સે.મી. બેરલ લંબાઇ, આશરે ૧.૪૭ સે.મી. મઝલ એન્ડ બેરલ ડાયામીટર અને ૦.૩૫ સે.મી. બેરલ જાડાઇ ધરાવતી, સીંગલ બેરલ, દેશી બનાવટની, મઝલ લોડીંગ શોટગન તેમ જણાવેલ છે. આમ, એફ.એસ.એલ. રીપોર્ટ તથા પંચનામામાં કરેલ મુદ્દામાલ હથિયારનાં વર્ણનથી આ બંન્ને હથિયાર એક જ છે તે માની શકાય તેમ નથી. જેથી સદર કામે કબ્જે કરાયેલ મુદ્દામાલ હથિયાર જ એફ.એસ.એલ.તપાસણી કરેલ છે તે સ્પષ્ટ થતુ નથી.

વધુમાં, બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે અને લોકોની અવર જવર રહે તે સ્વાભાવિક છે. પરંતુ, તપાસ કરનાર અમલદાર દ્વારા આ કામે કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. આ તબક્કે ***૨૦૦૩, એસ.એ.આર.(ક્રિમિનલ),૪૨૭*** પરનો ચુકાદો ધ્યાને લેવામાં આવે તો આ ચુકાદામાં ભારતીય પુરાવાના કાયદાની કલમ–૨૭ ની ચર્ચા કરતાં નામદાર સર્વોચ્ચ અદાલતે નોંધેલ છે કે, સ્વતંત્ર પંચ સાહેદોથી સમર્થન મળવુ જોઇએ. વધુમાં ***૨૦૦૩,એસ.એ.આર.(ક્રિમિનલ), ૩૭૭*** પરનો નામદાર સર્વોચ્ચ અદાલતની ડીવી. બેન્ચનો ચુકાદો ધ્યાને લેવામાં આવે તો આ ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે આરોપી દ્વારા કરવામાં આવેલ અપિલ મંજુર કરતાં નોંધેલ છે કે, માત્ર પોલીસ સાહેદોનાં પુરાવા આધારે ગંભીર ગુનાનાં કેસનો નિર્ણય થઇ શકે નહી. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે નોંધેલ છે કે, પોલીસ સાહેદોનો પુરાવો છે તે માનવા પાત્ર, ભરોસા પાત્ર નથી. સદર કામે પણ કોઇ સ્વતંત્ર સાહેદોનો પુરાવો નોંધવામાં આવેલ નથી.

આમ, સમગ્ર પુરાવો જોતા સદર કામે પંચનામાના પંચ સાહેદોનો પુરાવો રેકર્ડ પર આવેલ નથી તેમજ કોઇ સ્વતંત્ર સાહેદોનો પુરાવો નોંધવામાં આવેલ નથી. આ કામે એફ.એસ.એલ. ના કોઇ કર્મચારી/અધિકારીને તપાસવામાં આવેલ નથી. તેમજ આ કામે જાહેરનામું બહાર પાડનાર કચેરી દ્વારા જાહેરનામાની યોગ્ય રીતે પ્રસિદ્ધિ કરેલ છે તે બાબતે તથા તમામ વ્યક્તિસુધી જાહેરનામું પહોંચી શકે તેવી બહોળી પ્રસિદ્ધી કઇ રીતે કરેલ છે તે બાબતે પણ કોઇ પુરાવો આ કામે રજુ થયેલ નથી કે આવી કચેરીના કોઇ જવાબદાર અધિકારી/કર્મચારીને પણ તપાસવામાં આવેલ નથી. જેથી કેસની હકિકત તથા તમામ પુરાવો અને ઉપરોકત તમામ બાબતો ધ્યાને લેતાં ફરીયાદપક્ષ પોતાનો કેસ શંકા રહિત સાબિત કરી શકેલ ન હોય સદર પુરાવા દ્વારા આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

(૦૯) આમ, ઉપરોકત કેસની ચર્ચા તથા રજુ રાખવામાં આવેલ પુરાવાને ઘ્યાને લેતા, ફરિયાદપક્ષ આરોપી સામેનો આર્મ્સ એકટની કલમ: ૨૫(૧)(બી) તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબનો ગુનો પુરવાર કરવામાં સફળ નીવડતા ન હોવાનું ફલીત થતું હોય જેથી મુદા નં.૧ નો જવાબ નકારાત્મક ઠરાવી ન્યાયના વિશાળ હીતમાં મુદા નં.ર અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું.

**<u>-::હુકમ::-</u>**

(૧) આ કામના આરોપી બાબુભાઇ ઉર્ફે ભાભાભાઇ મોહનભાઇ ડાંગર રહે. જુની દુધઇ ગામ, રામ મંદિર પાછળ, તા.જોડીયા, જિ.જામનગરનાઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૨૪૮(૧) અન્વયે આર્મ્સ એક્ટની કલમ-૨૫(૧)(બી) તથા જી.પી.એક્ટની કલમ-૧૩૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી, પુરાવાના અભાવે, નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

(૨) આ ઠરાવ સામે અપીલ/રીવીઝન થાય તો તે સમયે આરોપીની હાજરી સહેલાઇથી મળી રહે તે સારુ આરોપીએ રૂ.૫૦૦૦/-ના જાત જામીન તથા મુચરકા રજુ કરવા તે ઠરાવની તારીખથી છ માસ સુધી ચાલુ રાખવા તથા ત્યારબાદ તે જામીન તથા જામીનખત રદ કરવા.

(૩) મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદામાલ હથિયાર ક્રિમિનલ મેન્યુઅલ પેરા-૨૩૪ની જોગવાઇ ધ્યાને લઇ મહે. જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, જામનગરનાઓ મારફત સ્ટેટ પોલીસ મ્યુઝીયમ તરફ અપીલ વિત્યા બાદ મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૨૪મી, માહે એપ્રિલ, સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : જોડીયા
તારીખ: ૨૪/૦૪/૨૦૨૬

**(કું. એમ.એચ.મકવાણા)**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
જોડીયા, જી.જામનગર
GJ01523

બી.કે.બળદા(ગુજ.સ્ટેનો)